'વિચરતા સમુદાય સમર્થન મંચ'

# અસ્તિત્વ

– જીવન ટકાવી રાખવાની અવિરત મથામણ



## શ્રધ્ધા...

નટ જ્યારે દોરડા પર ચડે ત્યારે વાંસ સાથે ધજા બાંધે છે. જે તેમની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા છે. જેના બળે જ તે દોરી પર ચાલે – વાંસ પર ચડે છે. આપણે જાણીએ છીએ કે, ઈશ્વર પ્રત્યક્ષ મદદ માટે નથી આવતો. નિમિત બનાવે છે. ચાલો નિમિત બનીએ... વિચરતા પરિવારોના જીવનમાં ઊજાસ પાથરવામાં...

# અનુક્રમણિકા


## (૧)માનવ અધિકાર

### મુશ્કેલી

૧. સહુકોઈ ભરથરીને ઓળખે પણ .. વહીવટીતંત્રમાં ભરથરી ક્યાં? ૧
૨. આ લોકો અમારા ગામનાં નથી ૨
૩. ડફેર છીએ એટલે... ૩
૪. આ દેશના મૂળ નિવાસીઓનાં નિરુપદ્રવી વસવાટ સામે આટલો આત્યંતિક વિરોધ! ૫

### વહીવટીતંત્રની સંવેદના

૧. વિચરતા સમુદાયને પોતાની ઓળખનો પહેલો આધાર અપાવવામાં નિમિત્ત બનનાર મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવાલ ૬
૨. સમાહર્તા શ્રી દિલીપ રાણા, વિચરતા – વિમુક્ત સમુદાયના દીપસ્તંભ ૬
૩. એક વધુ સંવેદનશીલ સમાહર્તા શ્રી ઠક્કર સાહેબ અને પ્રાંત કલેક્ટર શ્રી જોષી સાહેબ ૭
૪. શ્રી ટાંક સાહેબ –વિજાપુરના વિચરતા – વિમુક્ત સમુદાયો માટે આધારસ્તંભ ૮
૫. આ પરિવારોની દશા જોઈ, વહીવટીતંત્રમાં બેઠેલા અધિકારીનો માંહ્યલો જાગૃત થાય– શ્રી ખાંટ સાહેબ ૯

## (૨) વગડાંમાંથી વહાલપની વસાહત

### આનંદો આનંદો

૧. એલ.પી. સવાણી નગર – વિચરતા પરિવારોની વગડાંમાંથી વહાલપની વસાહત ૧૧
૨. આદરણીય બાપુજી : 'મે આપેલા પૈસામાંથી તો આપે શક્ય આયોજન કર્યું અને હું બીજું સૂચવું તો નાણાં તો જોઈએ ને?' ૧૨
૩. જીવનના અંતિમ પડાવમાં જેની ઝંખના હતી(ઘર) એ પૂરી થઈ.. ૧૩
૪. વિકલાંગ બાબુકાકાને સહાય મળી ૧૫
૫. નવી વસાહતોનું બાંધકામ ૧૫

### વિટંબણા

૧. સરકાર માઈ–બાપ આવો ભેદ કેમ કરે? ૧૬
૨. જેમણે ઘરની જવાબદારી સ્વીકારી છે ૧૭

## (૩) સંસ્થા જેમનાથી દીપે છે ૧૮

## (૪) વિચરતા સમુદાયોને પગભર કરવાની મથામણ

૧. વિચરતી જાતિઓના પરંપરાગત વ્યવસાયો અને તેમને પડતી મુશ્કેલી ૧૯
૨. ભીખ માંગવા કરતા માનભેર કમાવવું શું ખોટું – ગોમતી ૨૧
૩. બેરોજગાર બેસવાને બદલે સંસ્થાની સહાયથી સજનબહેને દુકાન શરૂ કરી ૨૧
૪. સંસ્થા સ્થાપ્યાનું લેખે લાગ્યું ૨૨
૫. અમે નાદારી ના નોંધાવી શકીએ. ૨૩
૬. મે જિંદગીમાં રૂ.૧,૦૦૦નું સામટું કરિયાણું ક્યારેય ખરીદ્યું જ નથી ૨૩

## (૫)શિક્ષણઃ

૧. અમારા બાળકોને વારસામાં રઝળપાટ નથી આપવો ૨૫
૨. વાડિયાના ૩૫ બાળકો માટે થરાદમાં હૉસ્ટેલની વ્યવસ્થા શરૂ કરી.. ૨૬
૩. બાળકોમાં પણ પોતાના મા–બાપની જેમ પગમાં ભમરી છે એટલે ... ૨૭
૪. તંબુશાળા – બ્રીજ સ્કૂલ ૨૮

## (૬) વાડિયા એસીડ સ્ટેટ ૨૯

## (૭) આશીર્વાદના રૂપમાં અનુદાનનું એક ભાથું ૩૦

મુશ્કેલી

## માનવ અધિકાર

# સહુકોઇ ભરથરીને ઓળખે પણ.. વહીવટીતંત્રમાં ભરથરી ક્યાં ?



સદીઓથી વિચરણ કરતા સમુદાયો પૈકીનાં એક ભરથરી. રાવણહથ્થો (એકતારો) વગાડી ભિક્ષાવૃતિથી આજિવીકા રળનાર એક પ્રકારનાં જોગી. સ્વભાવે બિકણ. ગોપીચંદ વગેરેનાં ભજનો ગાઈ જે કાંઈ ભિક્ષા મળે એમાં દાડો વિતે.

રાજા ભરથરીના વંશજ એવા ભરથરીઓની ગુજરાતમાં ખૂબ જ ઓછી વસતિ છે. ગામને છેવાડે વગડામાં છાપરું બનાવીને રહે. છાપરું ય વળી કેવું .. ભિક્ષામાં મળેલી સાડી વાંસ સાથે બાંધી આડાશો કરે. જેમાં ટાઢ - તડકો, વરસાદની મુક્ત અવર જવર હોય. આવા ભરથરીઓમાંના ઘણાનું આજેય ક્યાંય સ્થાયી ઠામ-ઠેકાણું થયું નથી.

વિ.એસ.એસ.એમ.આ વિચરતા પરિવારોનાં સ્થાયી કાયમી વસવાટ માટે પ્રતિબદ્ધ છે. બનાસકાંઠાના મહાદેવિયા અને ભોયણમાં અસ્થાયી વસવાટ ધરાવનાર ૨૯ ભરથરી પરિવારોને રહેઠાણ બાંધવા સારુ પ્લોટ અપાવવાની કામગીરીની શરૂઆત કરી ત્યારે આઘાતજનક વાસ્તવિકતા જાણવા મળી કે, સરકારશ્રીની વિચરતી જાતિની યાદીમાં ભરથરી સમુદાયનો સમાવેશ જ કરવામાં આવ્યો નથી. સૌથી વધુ કમનસીબ હકીકત અહીં કમને નોંધાવાનું મન થાય છે કે, મહાદેવિયા ગામનાં તલાટીને તો આ સમુદાયના અસ્થાયી વસવાટની જાણકારી સુદ્ધા નથી!

સરકારમાં આ બાબતે રજૂઆત કરી તો જાણવા મળ્યું કે, સંયુક્ત મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર રાજ્ય અસ્તિત્વમાં હતા તે વખતે બંને રાજ્યોએ વિચરતી -વિમુક્ત જાતિઓની યાદી તૈયાર કરી હતી. વિભાજન બાદ ગુજરાત રાજ્યે આ યાદીનો યથાવત્ સ્વીકાર કર્યો.

ત્યાર પછી વખતો વખત સમાજિક અને શૈક્ષણિત રીતે પછાત જાતિઓની યાદી લંબાતી ગઈ, પણ કરૂણતા એ વાતની છે કે વિચરતી જાતિની યાદીમાં કોઈપણ જાતનાં સુધારા-વધારા આજ દિન સુધી કરવામાં આવ્યા નથી.

વસ્તુતઃ ભરથરી સમુદાય નાથપંથી છે. વિચરતી જાતિમાં સમાવિષ્ટ નાથ સમુદાયના પર્યાયરૂપે ભરથરીને સ્વીકારવામાં આવે તો આ સમુદાયને વિચરતી જાતિઓ માટે જે મર્યાદિત યોજનાઓ બની છે જેમાં સૌથી અગત્યની તેમને સ્થાયી થવા માટે જમીન આપવા બાબતની છે તેનો લાભ મળી શકે અને આ પરિવારો સ્થાયી જીવન ગાળી શકે.

## આ લોકો અમારા ગામનાં નથી



પરાક્રમી પરંપરા ધરાવનાર પણ અંગ્રેજોનાં આગમન સાથે પોતાનાં લડવૈયાના પરંપરાગત વ્યવસાયથી છૂટો પડેલો, શિક્ષણથી વંચિત રહેલો ડફેર સમાજ સમાજિક વ્યવસ્થામાં દૂર ફેંકાઈ ગયો. પરંપરાગત ગુનેગાર ગણાતા આ સમુદાયની દશા આઝાદી પછી કફોડી બની છે. જીવન સાથેના સંઘર્ષમાં તો ક્યાંક અસ્તિત્વની લડાઈમાં સમાજથી વિખૂટા પડ્યા, તિરસ્કૃત બન્યા અને પોલીસતંત્રનાં ચોપડે ચડ્યા.

પણ આખરે માનવીય સંવેદના આગળ આવી. રાજ્ય પોલીસતંત્રના વડા પોલીસ મહાનિર્દેશક શ્રી પી.સી.ઠાકુરના અધ્યક્ષપણા હેઠળ અને આદરણીય મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન પટેલની સૂચનાથી ડફેરોના પુનઃવસન અંગે વિચારવાની શરૂઆત થઈ. વરિષ્ઠ અધિકારી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ શ્રી ભાટી સાહેબને આ પરિવારો માટે શું થઈ શકે તે અંગે માહિતી એકત્ર કરવાનું સોપ્યું અને શ્રી ભાટીએ ડફેર પરિવારોનાં ડંગામાં જવાનું શરૂ કર્યું અને એમનાં પ્રશ્નો સાંભળ્યા. એમની હાલતનું નજીકથી નીરિક્ષણ કર્યું.

જુલાઈ માસમાં શ્રી ભાટીએ અમદાવાદ જિલ્લાનાં ધંધુકા તાલુકાનાં અડવાળ ગામની મુલાકાત લીધી અને આ ગામમાં અસ્થાયી વસવાટ કરતા ડફેર પરિવારોને મળ્યા. પરિવારોની સ્થિતિ જોઈ સ્થાનિક વહીવટીતંત્રને આ પરિવારોને મૂળભૂત સગવડો આપવા સૂચવ્યું. પણ આ વાતે ગ્રામજનો ડફેરો અંગેની પૂર્વ માન્યતાઓને અનુલક્ષીને સજાગ થઈ ગયા અને પરિવારોને ત્રણ દિવસમાં ગામ છોડી જતા રહેવા કહ્યું. વર્ષોથી અડવાળ ગામનું સીમરખોપું કરનાર પ્રામાણિક ડફેરોએ કમને ગામ છોડ્યું.

સદીઓથી રઝળતા ડફેર પરિવારો કાયમી સરનામું ઝંખે છે. પણ ગામલોકો એમને સ્થાયી થવા દેવા ઈચ્છતા નથી. અલબત પોતાના ખેતરોનું રખોપું ડફેર પરિવારોને જ સોંપે છે પણ કાયમી વસવાટ માટે નનૈયો. આવામાં ગ્રામજનોની આ માનસિકતા ક્યારે બદલાશે તે પ્રશ્ન છે?

અડવાળ ગામના લોકોએ અગાઉ ૨૦૦૭માં પણ ડફેર પરિવારોને પોતાનાં ગામના મતદારકાર્ડ ન આપવા પડે એટલે કાઢી મૂક્યા હતા અને ૨૦૦૯માં વળી પાછા સીમરક્ષણ માટે બોલાવ્યા હતા. હડધૂત થયેલા પરિવારો આજિવીકાના અન્ય વિકલ્પના અભાવે ફરી ગામમાં આવ્યા પણ વળી પાછી હકાલપટ્ટી...

'આ લોકો અમારા ગામના નથી' એવી ભૂમિકા ધારણ કરનાર ગ્રામજનોની કૃષિ આવકો એટલે કે, એક અર્થમાં સમૃદ્ધિનું રખોપું કરનાર લોકો માટે આ ધરતી પર મુઠ્ઠીભર આવાસની જગ્યા નથી. પોલીસ અધિકારીઓ સંવેદનશીલ બન્યા, માનવતાના માર્ગે આવ્યા પણ ગ્રામજનોને કોણ સમજાવશે?

ડફેર પરિવારો માટે અંતે તો નીચે ધરતી ઉપર આભ જ લખાયું છે. એકબાજુ પોલીસતંત્રની સહાનુભૂતી દેખાય છે તો બીજી બાજુ નીચેના સ્તરના પોલીસકર્મીઓ હજુ ડફેરોને કેવી પજવણી કરે છે તેની કથા, વ્યથા ગફારભાઈ ડફેર પાસેથી જાણી.

## ડફેર છીએ એટલે...

વર્ષોથી સાણંદ તાલુકાના રેથળગામમાં રહેતા ગફારભાઈ ડફેર ગામમાં સીમરખોપું અને છૂટકમજૂરી કરે. તેઓ આ ગામનાં મતદાર ઓળખપત્ર અને રૅશનકાર્ડ ધારક છે તા.૯ મે ૨૦૧૪નાં રોજ સાંજના ૪:૪૫ વાગે ગફારભાઈ તેમનાં પત્ની શકીનાબહેન સાથે ગામમાં હટાણું કરવા આવ્યા. વસાહતના અન્ય બે યુવાનો એહમદ અને અકબર પણ સાથે આવ્યા. ચારેય જણ દુકાને પહોંચે ત્યાં તો સરખેજ પોલીસ એક મારૂતી કારમાં ત્યાં આવી. આવતાં વેંત કારમાંથી બહાર આવી શકીનાબેનને ધક્કો મારી પછાડ્યા. ત્રણેય પુરુષ વ્યક્તિઓને મારુતીમાં બેસાડ્યા અને બંને બાઈકનો કબજો લીધો ગામમાં કોઈનેય કાંઈ સમજાય, કોઈક પ્રશ્ન કરે એ પહેલાં ગાડી પૂરપાટ નીકળી ગઈ.



રેથળ અને સાણંદ વચ્ચે કાર ઊભી રાખી એહમદ અને અકબરને બે થપ્પડ મારી કારમાંથી ઊતારી દીધા અને એક બાઈક આપી દીધું જ્યારે તેમની અન્ય બાઈક અને ગફારભાઈને લઈ ગયા. જો એહમદ અને અકબર રેથળ પરત ન આવ્યા હોત તો ગફારભાઈને કયા કારણસર, કયા પોલીસ મથકનાં પોલીસો ઉઠાવી ગયા છે તેની પણ ખબર ન પડી હોત.

સાંજના સાડા પાંચ વાગે ગફારભાઈનો ફોન આવ્યો. તેમનાં જણાવ્યાનુસાર - 'તેમની અને તેમના જમાઈ પાસેની બાઈક ચોરીને લાવ્યા હોવાનું પોલીસે માન્યુ હતું. એટલે મારઝૂડ કરી બાઈક વિશે પૂછપરછ કરી. મે કાયદેસરનું લખાણ વગેરે હોવાની વાત કરી અને જૂના બાઈકનાં માલિક સાથે વાત કરાવી એટલે કોઈ મુદ્દો ન રહેતાં ફરી મારઝૂડ કરી મને છોડી મૂક્યો'

વાસ્તવમાં ડફેર હોવાના કારણે બાઈક ચોરીના બહાને ગફારભાઈને ઉઠાવી ગયા બાદ ''ડફેર કોમના વૉન્ટેડ ઈસમોને હાજર કરવા પોલીસે ગફારભાઈને ધમકાવ્યા. ગફારભાઈએ કહ્યું કે, 'હું મારા પરિવારની જવાબદારી લઈ શકું, બીજા ડફેર ગુનેગાર હોય તો તમે એમને શોધો હું અમને કેવી રીતે હાજર કરું?''

પોલીસના પાશવી વર્તનથી ત્રસ્ત ગફારભાઈ કહે છે, 'ડફેર છીએ એટલે બધું લૂંટ કરી ને જ લાવીએ? અમેય માણસ છીએ. કાનૂન નામની ચીજ છે કે નહીં? આ ક્યાં સુધી ચાલશે.?'

એક તરફ ડી.જી.પી. શ્રી પી.સી.ઠાકુર અને બીજી તરફ આજેય બ્રિટીશ માનસિકતામાં રાચતા પોલીસ કર્મીઓ.. કોણ જાણે આનો અંત ક્યારે આવશે?

આજેય રાતના ૧૦:૦૦ કે ૧૨:૦૦ વાગે મારો ફોન રણકે અને કોનો ફોન છે તે જોયા વગર જ ખબર પડી જાય કે કોઈ ડફેરના ડંગે પોલીસ આતંક મચાવી રહી છે.. રાતના કશું કરી ના શકાય. ડી.જી.પી.ઓફીસ અને જે તે જિલ્લામાં ઘટના બની હોય ત્યાંના પોલીસ વડાને ઈમેલથી ઘટના અંગે લખું અને સવાર પડવાની રાહ જોઊ. મારી સવાર તો પડી જાય પણ ડફેરોના જીવનમાં ઊજાસ પાથરે એવી સવાર ક્યારે આવશે???

# આ દેશના મૂળ નિવાસીઓનાં નિરુપદ્રવી વસવાટ સામે આટલો આત્યંતિક વિરોધ !



બનાસકાંઠાનું ખોડાગામ. ગામમાં વાંસફોડા વાદી અને નટ સમુદાયનાં ૧૭ પરિવારો રહે છે. આમ તો આ પરિવારોનાં વસવાટ પાછળ ગ્રામજનોનો સખત વિરોધ. તેમને ગામનો હિસ્સો માનવા જ તૈયાર નહીં. એવામાં સરકારી પ્રક્રિયામાં જરૂરી આધારો ક્યાંથી મળે?

મતદાર ઓળખપત્ર માટેની કાર્યવાહી શરૂ કરી અનેક વિરોધો વચ્ચે ઓળખપત્ર મળ્યા. ત્યારબાદ રેશનકાર્ડની વાત આવી. આશ્ચર્ય એ થયું કે, ગ્રામસભાએ આ પરિવારોને રેશનકાર્ડ ન આપવા ઠરાવ કર્યો. આ દેશનાં મૂળ નિવાસીઓનાં નિરુપદ્રવી વસવાટ સામે આટલો આત્યંતિક વિરોધ..! એક તરફ મંગળ મિશન બીજી તરફ મુઠ્ઠીભર વંચિતોને મૂળભૂત સુવિધાઓથી વંચિત રાખવાની પરાકાષ્ઠા.

અંતે મામલતદાર શ્રી સમક્ષ રજૂઆત કરી. સાથે જ ઊચ્ચ સ્તરે રજૂઆત કરતા આ પરિવારોને રેશનકાર્ડ આપવામાં આવ્યા. પણ વિરોધ એ હદે થયો કે રેશનીંગની દુકાનવાળા ભાઈને ગામલોકોએ આ પરિવારોને રેશનકાર્ડ પર અનાજ આપવાની ના કહી. કાર્યકર શારદાબહેન રેશનીંગની દુકાને ગયા તો જવાબ મળ્યો તમારે આમાં નહીં પડવાનું. ફરી મામલતદાર શ્રી - થરાદ સમક્ષ રજૂઆત કરતા મામલતદારશ્રીએ સ્થળ તપાસ કરી હકીકતની ચકાસણી કરી દુકાનદારને ખખડાવ્યો. દુકાનદારે ગામલોકોનાં દબાણની વાત કરી પણ મામલતદારશ્રી સમક્ષ નિયમિત રેશન આપવાની ખાતરી આપી.

વિચરતા - વિમુક્ત સમુદાયની અનેક સમસ્યા, સામાન્ય નાગરિકની માનસિકતા, વહીવટીતંત્ર સાથેના અનેક પડકારો વચ્ચે V.S.S.M.તેમની વહારે ધાય છે, પણ જ્યાં સંસ્થા નથી ત્યાં શું? અવિરત યાતના, પીડા અને આવું કેટલુંય જેની કલ્પના પણ ના કરી શકાય...

વહીવટીતંત્રની સંવેદના

## માનવ અધિકાર

### વિચરતા સમુદાયને પોતાની ઓળખનો પહેલો આધાર અપાવવામાં નિમિત્ત બનનાર મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવાલ

પોતાની ઓળખના કોઈ આધારો ના હોવા અને એ ન હોવાના કારણે વેઠવી પડતી પીડા - મુશ્કેલી એ આપણે નહીં સમજી શકીએ. જેની પાસે પોતાનું કોઈ સરનામું જ નથી તેના માટે આ બધું મેળવવું કેટલું મુશ્કેલીભર્યું બને તે તેમની જગ્યાએ આપણી જાતને મૂકીએ તો સમજાય. ગુજરાત રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતાબેન કરવાલે આ પરિવારોની આ પીડાને સમજી અને આ પરિવારોના પુખ્તવયના મતદારકાર્ડ વિહોણા તમામને મતદારકાર્ડ મળે તે માટે અંગતરસ લીધો. જેના કારણે આપણે છેલ્લા છ મહિનામાં ૧૧,૫૦૦ ઉપરાંત લોકોને મતદારકાર્ડ અપાવી શક્યા. તેમની આ સંવેદનાને કારણે જ આજે ગુજરાતમાં વિચરતા પરિવારોને મતદારકાર્ડ મળવાની પ્રક્રિયા સરળ બની છે. તેમની સંવેદના માટે હંમેશાં એમના આભારી રહીશું.

### સમાહર્તા શ્રી દિલીપ રાણા, વિચરતા વિમુક્ત સમુદાયના દીપસ્તંભ



વિચરતા અને વિમુક્ત સમુદાયના પ્રશ્નો સંદર્ભે વહીવટીતંત્ર સાથે કામ પાર પાડતા એક તરફ સર્વાંગી ઉપેક્ષા જ્યારે બીજી તરફ સંવેદનશીલતાના ઉત્કૃષ્ટ ઉદાહરણો જોવા મળે છે.

બનાસકાંઠામાં આ સમુદાયની મુશ્કેલીઓ અનુષંગે કલેકટર શ્રી દિલીપ રાણા સમક્ષ સપ્ટેમ્બર -૧૪માં રજૂઆત કરી. લોકાભિમુખ કલ્યાણ રાજ્યનું એક જીવંત આશ્ચર્ય અમે અનુભવ્યુ. સમાજ કલ્યાણ અધિકારી શ્રી પ્રજાપતિ સાહેબને કલેકટર શ્રી રાણા સાહેબે સંબંધિત વિભાગોને પ્રશ્નો સંદર્ભે પત્રો લખવા કહ્યું. પ્રજાપતિ સાહેબે ફોન કરી કહ્યું, વિચરતી જાતિના પ્રશ્નો સંદર્ભે ૭૫ જેટલાં પત્રો કલેકટર સાહેબની સહીથી મોકલાવ્યા. શ્રી રાણાએ ઑકટોબર માસમાં સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી વિચરતી જાતિનાં પ્રશ્નો તાકીદે ઉકેલવા સૂચવ્યું. તો સામે પક્ષે બનાસકાંઠાના વહીવટીતંત્રએ પણ ઉત્સાહભેર મહત્તમ પ્રશ્નોનો નિકાલ કરવાનો નિર્ધાર કર્યો.વહીવટીતંત્રની સક્રિયતા જોતા બનાસકાંઠા જિલ્લાનાં વિચરતા વિમુક્ત સમુદાયોને પોતાનું કાયમી સરનામું મળવામાં હવે વાર નહીં લાગે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિબાદ આપણે સ્વીકારેલા કલ્યાણ રાજની ભાવના સાકાર કરવા શ્રી દિલીપ રાણા સમાન સમાહર્તા તેમને પ્રાપ્ત થયેલા અધિકારોનો કેવો સદ્ઉપયોગ કરી શકે એનું દીપસ્તંભ સમાન ઉદાહરણ છે. જે અમારા જેવા કાર્યકરોમાં નવચેતનનો અનેરો સંચાર પણ કરે છે. બનાસકાંઠા મૉડલ આખાય રાજ્યમાં લાગુ કરવામાં આવે તો...

અમને શ્રદ્ધા છે એ દિવસ હવે દૂર નથી..

## એક વધુ સંવેદનશીલ સમાહર્તા શ્રી ઠક્કર સાહેબ અને પ્રાંત ક્લેકટર શ્રી જોષી સાહેબ



પાટણ જિલ્લાનાં ચાણસ્મામાં ૧૦ સરાણિયા, રણુજ ગામમાં ૧૦ વાંસફોડા મળી કુલ ૨૦ પરિવારો વર્ષોથી  આ બંને ગામમાં અસ્થાયી વસવાટ કરે. આ પરિવારોને પોતાનું ઘર મળે, સરનામું મળે એ માટેV.S.S.M.નાં પ્રયાસો ચાલુ હતા.

પ્રાંત કલેક્ટર શ્રી ભરતભાઈ જોષી જેવા વધુ એક કલ્યાણરાજનાં સરકારી પ્રતિનિધિ સમાહર્તા અને તેમના સર્વ સહયોગી અધિકારીશ્રીઓની લોકાભિમુખ વહીવટી કાર્યશૈલીના કારણે આ પરિવારોને પોતાનું સરનામું મળ્યું. ગ્રામજનોનાં ઉગ્રવિરોધ - કાવાદાવા આ બધામાં જોષી સાહેબનું સતત માર્ગદર્શન અને સહયોગ મળ્યો. સમાજ કલ્યાણ અધિકારીશ્રી નરેન્દ્ર જાનીએ તો પાટણ જિલ્લામાં વસતા તમામ વિચરતા પરિવારોના પ્રશ્નો જાણી અંગત રસ લઈને વિવિધ વિભાગમાં લખ્યું. આવા સંવેદનશીલ અધિકારીઓના કારણે જ ૨૦ પરિવારોને પ્લોટ મળી શક્યા. પાટણ કલેક્ટર શ્રી ઠક્કર સાહેબે તો વિ.એસ.એસ.એમ.ના આપણા કાર્યકર મોહનભાઈને કંઈ પણ તકલીફ જણાય તો સીધો ફોન કરવાની પણ છૂટ આપી છે. ગ્રામસ્વરાજનું આપણા રાષ્ટ્રપિતાનું સ્વપ્ન સાકાર થતું જોવા મળે એ માટે નિઃશંક સંવેદનશીલ વહીવટીતંત્ર અભિનંદનને અધિકારી છે.

## શ્રી ટાંક સાહેબ-વિજાપુરના વિચરતા વિમુક્ત સમુદાયો માટે આધારસ્તંભ



સલાટ સમુદાય મૂળ વ્યવસાય ઘંટી પથ્થર ટાંકણનો પણ હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઘંટીનું અસ્તિત્વ રહ્યું નથી ત્યાં ઘંટીના પથ્થર ટાંકવાનું કામ ક્યાંથી મળે? વ્યવસાય પડી ભાંગ્યો. ગુજારો કરવા હવે સલાટ ગામે ગામે રઝળતાં ફરતા ચાદર ગાલીચાઓ વેચે છે અને વિચરણ કરતા સાંજ પડ્યે ગમે તે ગામમાં અસ્થાયી આવાસ કરે છે.

વિજાપુરમાં રહેતા ૨૨ સલાટ તથા ૧૦૦ ડફેર પરિવારો પાસે પોતાની ઓળખના આધારો નહોવાના કારણે વેઠવી પડતી પારાવાર મુશ્કેલીની વાત આપણા કાને આવી. આ પરિવારોને મતદાર ઓળખપત્ર, બી.પી.એલ. રૅશનકાર્ડ મળે તે માટે મામલતદાર શ્રી

દલપત ટાંકે ખૂબ મદદ કરી. સંસ્થા આ પરિવારોને રહેણાંક અર્થે પ્લોટ મળે એ માટે પ્રયત્નશીલ છે જેમાં ટાંક સાહેબ ખૂબ મદદ કરી રહ્યા છે.જાતિ પ્રમાણપત્ર મેળવવા ઘણા ધક્કા ખાવા પડે, ટાંક સાહેબે એ તુરત જ કાઢી આપ્યા.

વધુ એકવાર વહીવટીતંત્રના એક સંવેદનશીલ લોકાભિમુખ વ્યક્તિરૂપે શ્રી ટાંક સાહેબની સહૃદયતા તથા પ્રાપ્ત થયેલા અધિકારનો યોગ્ય ઉપયોગ જોવા મળ્યો. શ્રી ટાંક સાહેબ વિચરતા -વિમુક્ત સમુદાયનાં આધારસ્તંભ બની રહ્યા. વિજાપુરમાં વસતા વિચરતા સમુદાયો સાથે કામ કરતા કાર્યકર તોહીદે આ પરિવારોના જનધન યોજના અંતર્ગત બેંકમાં ખાતા પણ ખોલાવ્યા છે મૂળ તો અત્યારથી બચત કરે તો જ્યારે પ્લોટ ફળવાય ત્યારે ઘર બાંધવાનું કામ સહેલું થઈ જાય.

## આ પરિવારોની દશા જોઇ, વહીવટીતંત્રમાં બેઠેલા અધિકારીનો માંહ્યલો જાગૃત થાય-શ્રી ખાંટ સાહેબ



બનાસકાંઠાના દિયોદર તાલુકાનાં ખાણોદર, વડિયા, વાસમ, પાલડી અને દિયોદર ગામમાં રહેતા વિચરતા સમુદાયનાં પરિવારો રેશનકાર્ડથી વંચિત હતા. આત્યંતિક દરિદ્ર દશામાં રહેનારા આ પરિવારોને રોટલોય ના મળે એ કેવી કરુણતા?

વિ.એસ.એસ.એમ.ની મદદથી વિચરતી જાતિના એકવીસ પરિવારોને મતદાર ઓળખપત્ર મળ્યા ત્યારબાદ રેશનકાર્ડની મથામણ આરંભાઈ. અમારું સ્પષ્ટ માનવું હતું કે, આ પરિવારોને અંત્યોદય રૅશનકાર્ડ(જેમાં અનાજનો જથ્થો વધારે મળે છે) મળવા જોઈએ. પણ વહીવટીતંત્ર માટે આ પરિવારોને અંત્યોદય રેશનકાર્ડ આપી શકાય કે કેમ? એ મૂંઝવણભર્યો પ્રશ્ન હતો. તેમણે આ પરિવારોને APL-૧(જેમાં ફક્ત કેરોસીન અને

મર્યાદીત અનાજ જ મળે) રેશનકાર્ડ આપીએ એમ જણાવ્યું. પણ V.S.S.M. ના કાર્યકર નારણે 'અંત્યોદય રેશનકાર્ડ આપો અમારે APL-૧ તો લેવાજ નથી' એમ સ્પષ્ટ કહ્યું.

અરજદારો પણ APL-૧ રેશનકાર્ડ લેવા તૈયાર નહીં. ભીખ માંગીને નિર્વાહ કરતા લોકોની અન્નસુરક્ષાનો વહીવટીતંત્ર વિચાર ના કરે? ૪૫ દિવસની સમય મર્યાદામાં રેશનકાર્ડની અરજીનો નિકાલ કરવો પડે પણ એની અધિકારીને પરવા નહોતી. અંતે આ અંગે રાજ્ય સ્તરે, જિલ્લા સ્તરે અને મુખ્યમંત્રી સુદ્ધાને વિનંતી પત્રો પાઠવ્યા. રજૂઆતનાં સાનુકૂળ પરિણામ જોવા મળ્યા. મામલતદારશ્રીએ અંતે આ પરિવારોને કાર્ડ આપવાની તત્પરતા દર્શાવી પણ નિરાંતે કામગીરી આગળ વધતી હતી.

પ્રાંત અધિકારી શ્રી આર.એમ.ખાંટને મળી આ સંદર્ભે રજૂઆત કરી. તેઓશ્રીએ આ પરિવારોની મુલાકાત લીધી અને આ પરિવારોને ઝડપથી અંત્યોદય કાર્ડ આપવાની સૂચના આપી. આ સમયગાળામાં એક અભૂતપૂર્વ અનુભવ થયો. શ્રી ખાંટ સાહેબે આ પરિવારોને તેમની વસાહતમાં જઈને રેશનકાર્ડ આપવાની ઈચ્છા વ્યક્ત કરી. આશય એજ હતો કે, 'દિયોદરનું વહીવટીતંત્ર વસાહતમાં આવે, આ પરિવારોની દશા જુએ અને અધિકારીમાં બેઠેલો માંહ્યલો જાગૃત થાય' આ સંવેદના ધરાવનાર અધિકારીગણ વહીવટીતંત્રમાં છે એ જોતાં અમે ગદ્‌ગદ્ થઈ ગયા. સમાજિક ન્યાય અધિકારીતા વિભાગમાં અધિકારઓની નિયુક્તિ વખતે આવી સંવેદના ધ્યાને લેવાય તો.. કેવું રૂડું કામ થઈ જાય.

ડીસા પ્રાંત કલેકટર શ્રી બ્રહ્મભટ્ટ સાહેબ તથા મામલતદાર શ્રી મુકેશ ગીલવાનો સહયોગ ના મળ્યો હોત તો ડીસામાં વિચરતા પરિવારો સાથે કામ કરવું મુશ્કેલ બની જાત. ફોટોમાં શ્રી મુકેશભાઈ - મામલતદાર ભરથરી પરિવારોના પ્રશ્નો સાંભળતા જોઈ શકાય છે.



અહીં V.S.S.M. ના કામોમાં મદદરૂપ થતા તમામ અધિકારીગણની વાત લખી શકાઈ નથી પરંતુ, તેમની આ સમુદાયો માટેની અપાર લાગણીના કારણે જ આ કામો થઈ શક્યા છે. વંચિતો માટેની તેમની લાગણીને નતમસ્તક વંદન સાથે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

# વગડાંમાંથી વહાપલની વસાહત

## એલ.પી.સવાણી નગર વિચરતા પરિવારોની વગડાંમાંથી વહાપલની વસાહત



૫૬ વિચરતા પરિવારોની વહાલપની વસાહત ડીસામાં નિર્માણ પામી. તા.૨ ઓગષ્ટ ૨૦૧૪ના રોજ આ પરિવારોએ પોતાના ઘરમાં ગાયત્રી વૈદિક હવનની પરંપરાથી ગૃહપ્રવેશ કર્યો. સુરતના શ્રેષ્ઠી આદરણીય શ્રી વલ્લભભાઈ સવાણીએ આ વસાહતના ઘર બાંધકામમાં પ્રત્યેક પરિવારને રૂા.૪૫,૦૦૦ની મદદ કરી.જ્યારે રૂા.૪૫,૦૦૦ સરકારની 'પંડિત દિનદયાળ આવાસ યોજના' અંતર્ગત ફળવાયા અને રૂા.૧૫,૦૦૦ની આ પરિવારોએ 'ધી કાલુપુર કોમર્શીયલ કૉ.ઓ.બેન્ક.લી.'માંથી લોન લીધી. આમ કુલ ૧,૦૫,૦૦૦માં આ પરિવારોને ઘર મળ્યું.

આ પરિવારોને કેવું ઘર ગમે તે આ પરિવારો પાસે બેસીને અમારાં કામોમાં સતત મદદરૂપ થતા અમદાવાદના જાણીતા બિલ્ડર શ્રી ઊજમસીભાઈ ખાંદલાએ જાણ્યું અને તે પ્રકારે આયોજન કર્યું. એક રૂપિયો ક્યાંય ખોટો ખર્ચ થતો નથી ને એનું પૂરુ ધ્યાન રાખ્યું. એમના જ ખર્ચે વસાહત બાંધાકામ માટે તેમણે એન્જીનીયરની નિમણૂક કરી. જ્યારે ઘરની ડીઝાઈનમાં શ્રી અપર્ણા કડીકર, શ્રી હેમાંગ મિસ્ત્રીનો સહયોગ સાંપડ્યો.

આદરણીય શ્રી વલ્લભભાઈ સવાણી વસાહત બાંધકામના મુખ્યદાતા અને અમારા વહાલા સ્વજન એમના માતૃશ્રી લક્ષ્મીબેન પ્રેમજીભાઈ સવાણીના પુણ્ય સ્મર્ણાર્થે આ વસાહતનું નામ 'એલ.પી.સવાણી નગર' આપવામાં આવ્યું અને શ્રી વલ્લભભાઈ સવાણીના હસ્તે વસાહતનું લોકાર્પણ થયું. શ્રી વલ્લભભાઈને સૌરાષ્ટ્રમાં વસતો પટેલ સમાજ આદરપૂર્વક બાપુજી કહીને બોલાવે. અહીં વિચરતા સમુદાયના ઘર બાંધકામમાં તેઓએ વિચરતા સમુદાયો માટે પણ બાપુજીની ભૂમિકા ભજવી. કાર્યક્રમમાં સુરતના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી કેશુભાઈ ગોટી, મુંબઈના જાણીતા ચાર્ટર એકાઉન્ટન્ટ અને વિચરતા

સમુદાયો સાથેના આ બધા કામો જેમના સહયોગ વગર થવા અશક્ય હતા તેવા શ્રી પ્રદિપભાઈ શાહ તથા શ્રી રશ્મીન સંઘવી, આદરણીય શ્રી ચંદ્રકાન્ત ગોગરી -આરતી ફાઉન્ડેશન જેમનો સંસ્થાના કામોમાં સતત સહયોગ સાંપડ્યો તેમાંથી શ્રી લાલ રાંભીયા (જેઓ વિચરતા સમુદાયના વહાલાં સ્વજન પણ છે), જાણીતા સાહિત્યકાર શ્રી રજનીકુમાર પંડ્યા, વિચરતા સમુદાયની દીકરીઓ માટે ચાલતા છાત્રાલયના મુખ્ય સહયોગી એવા ‘જાયન્ટ ગ્રુપ ઓફ સેન્ટ્રલ મુંબઈ’માંથી શ્રી મધુબેન ગાલા, શ્રી કનુભાઈ આચાર્ય, ભગવાનદાસ બંધુ, કાલુપુર બેન્કમાંથી શ્રી હિંમતભાઈ શાહ, પાલનપુરના જાણીતા ડૉક્ટર શ્રી સુરેન્દ્ર ગુપ્તા, સદ્‌વિચાર પરિવાર જેની છત્રછાયામાં અમે કાર્ય કરી શકીએ છીએ તેના ટ્રસ્ટી શ્રી જીતુભાઈ પંચાલ, કચ્છમિત્રના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી, ગાયત્રી પરિવારના શ્રી પ્રજ્ઞેશ દેસાઈ તથા ડીસાના નગરજનો તથા સંસ્થાના સર્વે હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા.

## આદરણીય બાપુજી: ‘મેં આપેલા પૈસામાંથી તો આપે શક્ય આયોજન કર્યું અને હું બીજું સૂચવું તો નાણાં તો જોઇએ ને’ ?



આદરણીય શ્રી કેશુભાઈ ગોટીએ સુરતમાં એક સમારોહનું આયોજન કર્યું હતું. જેમાં ભાગ લેવા જવાનું થયું. આ કાર્યક્રમમાં વિચરતા સમુદાયો સાથેના કામો અંગે વાત કરવાનો મોકો મળ્યો. આ સમારોહમાં સુરતના શ્રેષ્ઠી આદરણીય શ્રી વલ્લભભાઈ સવાણી (બાપુજી) પણ હતા. બધી વિગતો સાંભળી એમણે વિચરતી જાતિની વસાહતના બાંધકામમાં મદદરૂપ થવાનું કહ્યું. કોઈ પણ શરત નહી અને એવી લાંબી કોઈ ઓળખાણ નહીં છતાં એમણે અમારામાં શ્રદ્ધા દાખવી અને આ પરિવારોના ઘર બાંધકામમાં પ્રત્યેક પરિવારને રૂા.૪૫,૦૦૦ની મદદ કરી.



આદરણીય બાપુજી લોકાર્પણ કાર્યક્રમ પહેલાં વસાહતની મુલાકાતે ગયા અને એમણે બહેનો માટે ઘરમાં જ બાથરૂમ અથવા ચોકડી બનાવવા કહ્યું. અમે કૉમન બાથરૂમ અને ટોયલેટ બાંધવાનું નક્કી કરેલું પણ બાપુજીએ કહ્યું, આ પરિવારોના ઘરમાં બાથરૂમ અથવા ચોકડીનું આયોજન કરો તો સારુ. અમે હા પાડી. પણ બાપુજી વસાહતની મુલાકાત લઈને ગયા પછી સતત વિચારતા રહ્યા અને તા. ૨ ઓગષ્ટ ૨૦૧૪ના રોજ વસાહતના લોકાર્પણ કાર્યક્રમમાં આવ્યા ત્યારે એ નિમિતનો રૂા.૫,૦૦,૦૦૦નો બીજો ચેક આપ્યો. એમણે કહ્યું, મેં આપેલા પૈસામાંથી તો આપે શક્ય આયોજન કર્યું અને હું બીજું સૂચવું તો નાણાં તો જોઈએ ને? આ ઉદારતા અને આ દરિયાદિલી માટે ૫૬ પરિવારો અને સંસ્થા વતી આદરણીય બાપુજીનો આભાર માનીએ છીએ.

લોકાર્પણ કાર્યક્રમ પૂરો થયા પછી વસાહતમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ■

## જીવનના અંતિમ પડાવમાં જેની ઝંખના હતી (ઘર) એ પૂરી થઇ...

ગૃહપ્રવેશ વખતે ગાયત્રી પરિવાર સાથે સંકળાયેલા સ્વજનોએ હવનનું આયોજન કર્યું હતું. પહેલીવાર આ પ્રકારની વિધિમાં આ પરિવારો બેઠા. હવનમાં બેઠેલા દરેક પાંચ પરિવારો સાથે ગાયત્રી પરિવારના બે કે ત્રણ પરિજન બેઠેલા, જે આ પરિવારોને વિધિ સમજાવતા.. ક્યારેક પરિજનોને હાથ પકડીને શું કરવાનું છે એ પણ સમજાવવું પડતું. પણ એનો પણ આ પરિવારોને આનંદ હતો.

જેમનો ગૃહપ્રવેશ થવાનો હતો એ પરિવારોમાંના મોટાભાગના સવારથી નવા કપડાં પહેરીને તૈયાર થઈ ગયેલા, કેટલાકે તો માથાના વાળને રંગ્યા(કાળો કલર) હતા. અમારા સ્વજન શ્રી પ્રજ્ઞેશભાઈ દેસાઈએ ફોન પર કહ્યું, ‘બેન આ તો કોઈ ઓળખાતા નથી’.



આમ તો એમના ઘરે પ્રસંગ એટલે હર્ષ ઉલ્લાસ તો હોય જ. પણ એમના મુખ પરનો આ આનંદ નિહાળવાનો લહાવો મળ્યો એની ધન્યતા અનુભવીએ છીએ. વસાહતમાં આવનાર તમામ મહેમાનોનું ઢોલ -શરણાઈ સાથે સ્વાગત કર્યું અને સૌ ખૂબ નાચ્યા. એમાં ૭૦ વર્ષના સંતોકબા અને ૭૫ વર્ષના ચંદુદાદા પણ નાચ્યા, સૌએ V.S.S.M.ના કાર્યકરોના અને આ કાર્યનાં સહભાગી બનનાર સૌ સ્વજનોના ઓવારણા લીધા અને ખુબ આશીર્વાદ આપ્યા.

અમારું પોતાનું અને એ પણ પાકું ઘર હોય? એવી સતત શંકા સેવતા સંતોકબા અને ચંદુદાદાનો ગૃહપ્રવેશ(હવન) વિધિમાં સળંગ બે કલાક બેસવાનું હતું. એ બેસી શકશે કે કેમ એની અમને શંકા હતી પણ એ ખુબ પ્રસન્ન ચિત્તે બેઠા જે ફોટોમાં જોઈ શકાય છે... પોતાની ૭૧ પેઢીમાં એ પહેલાં છે જે પોતાના પાકા ઘરમાં રહેવા જશે. જીવનના અંતિમ પડાવમાં જેની ઝંખના હતી (ઘર) એ પૂરી થઈ છે. જેનો સંતોષ એમના ચહેરા પર જોઈ શકાય છે.

વિચરતા પરિવારોના ઘર બાંધવા અંગે જ્યારે લોકો સાથે વાત થાય ત્યારે મોટાભાગના લોકો એવું કહે કે, આ પરિવારોના ઘર બાંધો છો પણ આ પરિવારો એમાં રહેવાના નથી. એમને ઘરમાં રહેવાની આદત નથી ને એટલે એમાં એ ઘેટાં- બકરાં જ બાંધે છે. પણ આ પરિવારો સાથે અમારો અનુભવ જુદો હતો. સરકાર આ પરિવારોના મકાન બાંધકામ માટે રૂા.૪૫,૦૦૦ આપે છે. આ પરિવારોની મકાન બાંધવાની આવડત નહીં. એટલે એ કોઈ કોન્ટ્રાકટરને આ રકમમાંથી ઘરનું બાંધકામ કરવાનું આપે. કોન્ટ્રાકટર રૂા. ૪૫,૦૦૦માંથી પણ નફો કરવાનું આયોજન કરે. આમ ઘરની ગુણવત્તા બરાબર ના હોય. એરીયા પણ નાનો હોય. આમ મોકળાશ ના મળે એટલે આ પરિવારો એ ઘરમાં રહેવા ન જાય એટલે પછી આ લોકોને પાકું ઘર ગમતું નથી એવું સર્વ સામાન્ય વિધાન બહાર પડી જાય વાસ્તવમાં કોઈ પણ વ્યક્તિને તેને ગમે તેવું ઘર મળે તો શું કામ રહેવા ના જાય? આજ સુધી આપણી મદદથી બાંધેલી ધનિયાવાડા, થરાદ, કરણનગરની વસાહતમાં લોકો સુખેથી રહે જ છે પોતાના ઘરનું આયોજન પોતાની મળે થાય તો પછી એ ઘરમાં રહેવા જવું કેમ ના ગમે?

## વિકલાંગ બાબુકાકા ને સહાય મળી



બનાસકાંઠાના દિયોદરના અસ્થાયી રહીશ ૭૦ વર્ષીય બાબુભાઈ વાંસફોડા ભીખ માંગીને જીવન ગુજારે. આશ્રય મેળવવા સરકારી કચેરીઓનાં પગથિયાં ઘસતા રહ્યા. V.S.S.M. એ તેમને મદદ કરવાનું બીડું ઝડપ્યું અંતે સરકાર દ્વારા એમને સહાય પેટે રૂા.૨૧,૦૦૦નો ચેક આપવામાં આવ્યો. ચેક સ્વીકારતી વખતે બાબુકાકાની અવદશા કોઈનાથી અછાની ના રહી. ચેક તો મળ્યો પણ વિકલાંગ બાબુકાકા કેવી રીતે મકાન બાંધે. પણ V.S.S.M. ના કાર્યકર નારણભાઈ દીકરાની જેમ બાબુકાકાનું ઘર બાંધવામાં અંદાજ, બાંધકામ કામગીરી પૂરી કરવામાં સહાયભૂત થઈ રહ્યા છે. આમ બાબુકાકાએ કયારેય સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું એવું આશ્રય પામશે.

## નવી વસાહતોનું બાંધકામ

ધ્રાંગધ્રામાં -૧૫૫ વાદી પરિવારોના ઘરોનું બાંધકામ આરંભાઈ ગયું છે. જૂના ડીસામાં -૧૪૩ પરિવારોની વસાહતનું બાંધકામ આગામી મહિનામાં કરવાનું આયોજન છે. મૂળ તો સરકારી આંટીઘૂંટીના કારણે હાલમાં આ વસાહતમાં બાંધકામ કરવામાં વિલંબ થઈ રહ્યો છે જે થોડા સમયમાં જ ઉકેલાઈ જશે તેવું લાગે છે.

વિચરતા સમુદાયના લોકોને વગડાંમાંથી વહાલપની વસાહતમાં લઈ જવામાં નિમિત્ત બનનાર આપ સૌ સ્વજનોનો આ તબક્કે આભાર વ્યક્ત કરુ છું.

સાથે સાથે આ વિચરતા પરિવારોને વગડાંમાંથી વહાલપની વસાહતમાં લઈ જવા માટે દરેક પરિવારના ઘર બાંધકામમાં રૂા.૨૫,૦૦૦નું અનુદાન આપી નિમિત્ત બનવા વિનંતી કરુ છું.

વિટંબણા

# વગડાંમાંથી વહાપલની વસાહત

## સરકાર માઇ-બાપ આવો ભેદ કેમ કરે ?



રાજ્ય સરકારની વંચિતો માટેની એક આવકારદાયક - 'પંડિત દિનદયાળ આવાસ યોજના' હેઠળ આવાસ બાંધવા માટે રૂા.૪૫,૦૦૦ મંજુર કરવામાં આવતા. રાજ્ય સરકારે વ્યવહારુ અભિગમરૂપે મોંઘવારીને ધ્યાનમાં રાખીને આ રકમ વધારીને રૂા.૭૦,૦૦૦ કરી.

વિચરતા-વિમુક્ત સમુદાયો સરકાર માઈ-બાપનાં આ નિર્ણયથી હરખાઈ ઊઠયા. સરકારને પેટ ભરીને આશિર્વાદ આપ્યા અને રૂા.૭૦,૦૦૦ના સપના જોવામાં ખોવાઈ ગયા.

પણ...?

ઠરાવ હાથમાં આવ્યો... 'આ યોજના હેઠળ શહેરમાં રહેનારા પરિવારોને આ મદદ મળશે નહીં. એનો અર્થ એ કે, શહેરમાં જે લોકોને પ્લોટ ફાળવવામાં આવ્યા છે તેમને પૂર્વેની જેમ રૂા.૪૫,૦૦૦ જ મળશે'. ધ્રાંગધ્રામાં પ્લોટ ફાળવ્યાને ઘણો સમય વીતી ગયો પણ આવાસ બાંધવા ફદિયાં ક્યાંથી લાવવા? પણ હવે તો રૂા.૭૦,૦૦૦ મળવાનાં છે એટલે હવે ઠામ-ઠેકાણું પડશે એવી આશા હતી પણ ઠરાવ હાથમાં આવતાં એ આશા પર પાણી ફરી વળ્યું.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આવાસ બાંધાકામની સામગ્રી અને મજુરીનાં દરમાં કેટલી ભિન્નતા હોઈ શકે? સામાન્ય અંદાજ અનુસાર એક આવાસ બાંધવા પાછળ રૂા.૧.૨૫ લાખનો ખર્ચ થાય. એમાં રૂા.૪૫,૦૦૦થી શું થાય?

વળી સહૃદયી વહીવટકર્તા-ધી કાલુપુર કૉમર્શીયલ બૅન્ક વ્હારે આવી એમણે લોન આપી. સંસ્થા સાથે સંકળાયેલા શુભેચ્છક દાતાઓની મદદ મળી છતાં થોડી મૂડી તો ખૂટે જ.

એક વ્યવહારુ વાસ્તવિકતા કઈ રીતે સરકારશ્રીને ગળે ઊતારવી કે શહેરમાં રૂા.૪૫,૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૭૦,૦૦૦ આ ભેદ શાને? વાસ્તવમાં શહેરમાં મજૂરીનાં દર વધુ હોય વધુ મુશ્કલીઓ હોય..

વાદી સમુદાયો કહે છે, 'સરકાર માઈ-બાપ આવા ભેદ કેમ કરે?' શહેરમાં આવાસ બાંધકામ સહાય રૂા.૪૫,૦૦૦ આપવાનો તર્ક સમજાતો નથી. આ પરિવારને મરતાં પહેલાં પોતાના પાકા ઘરમાં રહેવા જવાની અતૂટ આશા છે.. સૌ સાથે મળીને તેમને વગડામાંથી વહાલપની વસાહતમાં લઈ જવામાં નિમિત બનીએ..

## જેમણે ઘરની જવાબદારી સ્વીકારી છે...

પાલનપુરમાં વિચરતા સમુદાયના ૧૧૫ પરિવારોને ઘર બાંધવા માટે સરકારે પ્લોટ ફાળવવાનો નિર્ણય કર્યો છે. જેમાંથી ૫૪ પરિવારોને તો પ્લોટ ફળવાઈ પણ ગયા. બાકીના ૬૧ પ્લોટમાંથી ૪૦ પ્લોટ વાડિયાના પરિવારો કે, જેમણે વાડિયાગામ છોડી દીધું છે તેમને ફળવાય તે માટે આપણે રજૂઆત કરી છે. કલેકટર શ્રી રાણા સાહેબે તે ગ્રાહ્ય પણ રાખ્યું છે. ટૂંકમાં પાલનપુરમાં જે ૧૧૫ પરિવારોને પ્લોટ ફાળવવાના છે અને ઘર બંધાવાના છે, તે પરિવારોમાંથી મોટાભાગના પરિવારોમાં ઘરના વડા એક બહેન છે. જેમાંની ઘણી બધી બહેનો વિધવા છે. જે રોજે રોજ ટ્રેનમાં ટોપલાંમાં ફળ-ફળાદી લઈ વેચવા જાય છે. આ એવી બહેનો છે કે, જેમણે તેમના પતિના મૃત્યુબાદ બીજે લગ્ન કરવાનું માંડીવાળી પોતાના પરિવારની જવાબદારી સ્વીકારી છે. તો વાડિયાના પરિવારોની દરિદ્રતા તો આપણે જાણીએ જ છીએ. આ પરિવારોને પ્લોટ મળી ગયા અને મળશે. પણ ફરીથી મકાન સહાય રૂા.૪૫,૦૦૦ જ મળવાની છે. આ રકમ આજની મોંઘવારીને ધ્યાનમાં લેતા ખૂબ ઓછી કહી શકાય. શું કરવું એની મથામણ આ બહેનોને છે. એમણે મદદ માટે આપણને કહ્યું છે... સંસ્થા વતી અમે આ બહેનોને તેમના ઘર બાંધવામાં મદદરૂપ થઈશું તેવું ના કહી શકીએ. મૂળ તો જ્યાં સુધી દાતાઓ આમાં સહયોગ ના કરે ત્યાં સુધી.. આજ સુધી આપ સૌ આ પરિવારોને વિવિધ રીતે ઉપયોગી બન્યા છો..આગળ પણ બનશો તેવી શ્રદ્ધા સાથે..

# સંસ્થા જેમનાથી દીપે છે



સંસ્થા દીપે છે એનાં ભાવનાશાળી સંનિષ્ઠ કાર્યકરોથી. V.S.S.M. આવા પ્રતિબદ્ધ કાર્યકરોથી અને તેમના કારણે જ અસંખ્ય વિચરતી -વિમુક્ત જાતિઓનાં જીવનમાં અજવાસ પાથરવામાં નિમિત્ત બની રહી છે. ડીસાની ૫૬ ઘરોની વસાહત નિર્માણ પામી તેમાં મુખ્ય જવાબદારી નિભાવનાર V.S.S.M.ના કાર્યકર ઈશ્વરભાઈ રાવળ તથા મહેશ રાવળનું ગૃહપ્રવેશ કાર્યક્રમ વખતે અભિવાદન થયું. વાડિયા જે અમારા સૌ માટે એસીડ ટેસ્ટ જેવું છે આ ગામમાં વસતા પરિવારો સાથે ઘરોબો કેળવી એમની સાથે કાર્યરત શારદાબહેન , વિજાપુરમાં ડફેર પરિવારોનો વિશ્વાસ સંપાદિત કરનાર તોહીદ, અમદાવાદમાં વસતા વિચરતા સમુદાયોની વિટંબણા સમજી તેમની સાથે કાર્યરત છાયા, ઈલાબહેન, પાટણ અને દિયોદરમાં રહેતા આ પરિવારોની પારાવાર મુશ્કેલી જોઈ ન શકતા સરકારી કચેરીના રોજે રોજ પગથિયા ઘસતાં મોહનભાઈ, નારણ, ધ્રાંગધ્રાની વસાહતના બાંધકામમાં ધીરજ ખૂટી જાય એવી સ્થિતિમાં કામ કરતા જયંતીભાઈ અને હર્ષદ તો સૌરાષ્ટ્રમાં રાજાશાહીમાં જીવતા અમલદારો સાથે માથાકૂટ કરતા કનુભાઈ, રમેશ, રીના અને શર્મીલા વગેરે ટૂંકમાં V.S.S.M. સાથે સંકળાયેલા અમારા હીરા જેવા કાર્યકરો અમારી સાથે છે જેનો આનંદ વ્યક્ત કરુ છું. કાર્યકરોની અખૂટ ધીરજ તેમના પ્રયાસોની ફલશ્રુતીના પરિણામો મળવાની શરૂઆત થાય છે તે ક્ષણ તેમના અને અમારા માટે આનંદદાયક બની રહે છે.

## વિચરતા સમુદાયોને પગભર કરવાની મથામણ

### વિચરતી જાતિઓના પરંપરાગત વ્યવસાયો અને તેમને પડતી મુશ્કેલી:



પરંપરાગત વ્યવસાયના આધારે નભતા વિચરતા સમુદાયોના વ્યવસાયો આજે પડી ભાંગ્યા છે. મોટાભાગના લોકો છૂટક મજૂરી તો કેટલાંક ભીખ માંગવાનું કરે છે. મૂળ તો સદીઓથી તેઓએ સમાજને જુદી જુદી સેવા કે મનોરંજન પૂરુ પાડવાનું જ કામ કર્યું છે. તેઓએ ક્યારેય કોઈના હાથ નીચે રહીને કામ કરવાનું કર્યું જ નથી. દા.ત. સલાટ ઘંટી ટાંકવાનું અને વેચવાનું કરતા, વાંસફોડા વાંસમાંથી સૂડલા ટોપલાં બનાવે અને વેચે, સરાણિયા છરી-ચપ્પાંની ધાર કાઢે આમ મોટાભાગની જાતિઓ સમાજને જરૂરી ચીજો પૂરી પાડવાનું કામ કરતી. એક અર્થમાં તેઓ વેપાર કરતી. આવું જ મનોરંજન પુરુ પાડનારી જાતિઓનું પણ ખરું  નટ, બજાણિયા, બહુરૂપી, ભવૈયા, તુરી, ભરથરી વગેરે જેવી જાતિઓએ પોતાની નાની ટુકડીઓમાં ગામે ગામ ફરવાનું અને પોતાના કલાકરતબ દર્શાવવાનું કર્યું. પરંતુ, આ બધું અત્યારે ચાલે તેમ નથી. તેમને નવા વ્યવસાયો તરફ વાળવા અત્યંત જરૂરી છે.વિચરતી જાતિઓએ સદીઓથી પોતાને ગમતાં વ્યવસાયો થકી જ પોતાનો ગુજારો કર્યો છે. ભલે મળતર ઓછું મળે પણ તે પોતાના મનના જ માલિક હતા કોઈના તાબામાં રહીને તેમણે ક્યારેય કામ કર્યું જ નથી. આ સ્થિતિમાં તેમને નવા વ્યવસાયની તાલીમ અને નવા કામો સાથે જોડવાનું તો આપણે કરીએ છીએ હા તેમાં ગતિ ધીમી છે.

માણસ સારુ કમાતો થાય તો તેના ઘણા પ્રશ્નોનું નિવારણ થઈ જાય. કેમ કરીને આ લોકોને બેઠા કરવા એ મનોમંથનનો એક સરસ ઉકેલ એમણે જ આપ્યો. ગુલાબભાઈ ડફેરે પોતાને સીમ રખોપું નથી કરવું પોલીસ ખૂબ હેરાન કરે છે, ગમે ત્યારે પકડીને લઈ જાય છે,

પરંતુ, જો ઊંટલારી માટે લોન મળે તો સારી કમાણી કરી શકાશે એવું કહ્યું. આવું જ દિયોદરમાં જેઠાભાઈ ભરથરી જેઓ રાવણહથ્થા પર ભજનો વગાડી ભિક્ષા માંગવાનું કરતા તેમણે પણ હાથલારી માટે મદદ કરવા કહ્યું. આપણે લોન સ્વરૂપમાં રકમ આપવાનું નક્કી કર્યું. આ પરિવારો વ્યવસાય કરી શકશે કે કેમ તે અંગે અમને પણ ખબર નહોતી અને લોન પાછી આવશે કે કેમ તે પણ નક્કી નહોતું. પણ આ એક કામ એવું હતું જેની વાત કરતા પણ આ લોકોના મોઢા પર એક પ્રકારનો હર્ષ જોઈ શકાતો હતો. બસ એ હર્ષ એમના વિશ્વાસને જોઈને તેમને લોન આપવાનું આપણે નક્કી કર્યું. આ પ્રયોગ હતો. પોતાની ઓળખના આધારો નહીં સાથે સાથે સ્થાયી ઠેકાણું પણ નહીં આવામાં તેમને લોન આપવાનું કરવું કેટલું યોગ્ય છે.. પ્રશ્નો ઘણા થયા પણ આખરે આપણે એમના માટે જ કામ કરવાનું છે. પુરાવા નથી એટલે તો સરકારની યોજનાની મદદ મળતી નથી અને V.S.S.M.તરીકે આપણે પણ પુરાવામાં પડીએ તો કામ ક્યાંથી થાય?

## ૮૭ પરિવારોને લોન આપી...

છેલ્લા ૮ મહિનામાં આપણે ૮૭ પરિવારોને લોન આપી છે. લોન લેનાર વ્યક્તિઓના જીવનમાં આ આઠ મહિનામાં એવો જબરદસ્ત ફરક નથી પડ્યો પણ હા, એક બદલાવ ચોક્કસ આવ્યો છે હવે પરિવારમાંથી કોઈને ભુખ્યા સુવું નથી પડતું. સતત કામ અને તેમાંથી ઊભી થતી આવકના કારણે કામ કરવાનો ઉત્સાહ ખૂબ દેખાય છે. આળસ ખંખેરી લોકો મહેનત કરવા લાગ્યા છે.

## લોન આપ્યા પછીના અનુભવો :

લોન લેનાર વ્યક્તિઓ પોતાનો વ્યવસાય સારી રીતે કરી શકે તે માટે સંઘર્ષ કરી રહ્યા છે. પણ ધીમે ધીમે તેઓ ગોઠવાતા જાય છે. કેટલાક કિસ્સામાં તો તેઓ વધારે મહેનત કરતા થયા છે. સવારે ૪:૦૦ વાગે ગંજબજારમાં શાકભાજી લઈને આવતા ખેડુતોની શાકભાજી હાથલારીમાં ભરીને ગંજની દુકાનોમાં પહોંચાડ્યાનું કામ કરીને ૭:૦૦ વાગે ઘરે જાય વળી આરામ કરીને ૧૦:૦૦ વાગે બજારમાં સામાન ભરવાનું કામ કરવામાં લાગી જાય. પોતે જેટલી મહેનત કરશે તેટલા પૈસા મળશે તેવું આ ધંધામાં છે એટલે મહેનત કરે જ છે. આજ સુધી લોનનો હપ્તો આપવામાં કોઈની ચૂક થઈ નથી. દરેક વ્યક્તિને લોનનો હપ્તો પરત આપવાની તારીખ નક્કી છે આ તારીખ સુધીમાં જ હપ્તો આપી જાય. કોઈક કારણસર હપ્તો આપી શકાય તેમ ના હોય તો જાણ કરે અને ક્યારે આપી જશે તે કહે અને કહ્યા પ્રમાણે ચોક્કસ આપી જ જાય..

## ભીખ માંગવા કરતા માનભેર કમાવવું શું ખોટું-ગોમતી



ગાડલિયા પરિવારમાં જન્મેલી ગોમતીના નાની ઉંમરે લગ્ન થયા. પતિ સાથે અણબનાવ રહેતાં છૂટાછેડા લીધા અને પિતાગૃહે પરત આવી. પિતા પરંપરાગત લોખંડના ઓજારો બનાવીને પરિવારનું ગુજરાન ચલાવે. પરંતુ, પિતાનું કેન્સરની માંદગીમાં અવસાન થતા વૃદ્ધ માતા અને પોતાનો ગુજારો કેવી રીતે કરવો તે પ્રશ્ન સામે આવ્યો. ભીખ માંગીને જીવવું એ એક ઉપાયની સામે માનભેર રોજગારી મેળવવાનો રસ્તો ગોમતીએ પસંદ કર્યો. પોતાના પરંપરાગત ધંધા અનુસાર ઓજારો ઘડવાનું કામ આવડે નહીં. પણ વેચવાનું કરી શકાશે એવો વિશ્વાસ. V.S.S.M.પાસે રૂા.૧૦,૦૦૦ની લોનની માંગણી કરી. જેમાંથી તેણે ગૃહઉપયોગી વાસણો ખરીદ્યા. દિયોદરની બજારમાં બેસીને તે વેપાર કરે છે. સારુ મળતર મળે છે. ગોમતીની પ્રસન્નતા એના ચહેરા પર ઝળકે છે.

## બેરોજગાર બેસવાને બદલે સંસ્થાની સહાયથી સજનબહેને દુકાન શરૂ કરી



વઢવાણ તાલુકાનાં નગરા ગામનાં સહૃદયી ગ્રામજનોની વાત ઉદાહરણીય છે ગામમાં ડફેર સમુદાયનાં આઠ પરિવાર વર્ષોથી રહે.પૂ.મોરારીબાપુની રામકથા સમયે ડફેર સમુદાયના પુનરૂત્થાન માટે એકઠા થયેલા ભંડોળમાંથી આ પરિવારોને ઘર મળ્યા, પણ ગામમાં કૃષિ કામગીરી સમયે રોજગારી મળે અથવા હંગામી બેરોજગારી વેઠવી પડે. બેરોજગાર બેસવાને બદલે સંસ્થાની

સહાયથી સજનબહેને ગામમાં એક દુકાન શરૂ કરી. દુકાન માટેનું કેબીન એમણે જુનામાંથી ખરીદ્યું અને તેમાં શાકભાજીની સાથે સાથે બાળકોને ગમતી ખાવાની ચીજો, થોડું કરિયાણું રાખવા માંડ્યા. તેઓ રોજનાં લગભગ રૂા.૧૫૦ કમાઈ લે છે. ગુનેગાર જાતિ ગણાતા ડફેરોની પ્રમાણિક મહેનત ફળી. સામાન્ય પ્રવાહમાં ભળવા તત્પર ડફેર સમુદાયને ધીમે ધીમે સ્વીકૃતિ મળતી જાય છે પણ સંસ્થાનું સ્વપ્ન છે કે ડફેરોની એક વસાહત બને જ્યાં તેઓ સ્વમાનભેર રહી શકે. આજિવીકા રળી શકે. બાળકો ભણી શકે. સામાજિક પ્રસંગો આનંદભેર નિશ્ચિંત બની ઊજવી શકે. એક દિવસ આ થશે જ... હાથ હશે જ... એક દિવસ...

## સંસ્થા સ્થાપ્યાનું લેખે લાગ્યું



અમદાવાદ શહેરને અડીને આવેલા દસક્રોઈ તાલુકાના કમોડગામમાં જયંતીભાઈ રાવળ છેલ્લાં દસ-બાર વર્ષથી રહે. પ્રાથમિક શિક્ષણ લીધેલા જયંતીભાઈ છૂટક મજૂરી કરે પણ એટલામાં કાંઈ ઘર ચાલે નહીં. કાંઈ જ ન સૂઝતાં અંતે તેમણે દારૂ ગાળવાનું શરૂ કર્યું. કમોડમાં V.S.S.M. દ્વારા વિચરતી જાતિની વસાહતમાં વૈકલ્પિક શાળા ચાલતી હતી. બાળકો નિયમિત શાળાએ જવા લાગ્યા એટલે આપણી શાળા બંધ થઈ પણ ત્યાંની વસાહતમાં નિયમિત એક યા બીજા કારણોસર જવાનું થતું હતું.

V.S.S.M. ના કાર્યકર ઈલાબહેનને ખબર પડી કે, 'જયંતીભાઈ દારૂ ગાળવાનું કરે છે.' દારૂથી થતા સર્વવિનાશનો સહુને પરિચય. ઈલાબહેને જયંતીભાઈને સમજાવ્યા. દારૂનો ધંધો છોડવાનું કહ્યું. સાથે જ કોઈપણ પ્રામાણિક ધંધો કરવા તૈયાર હોય તો V.S.S.M.મદદરૂપ થશે તેવી ખાતરી આપી.

જંયતીભાઈ પખવાડિયા પછી ઑફીસ આવ્યા અને લોડિંગ રીક્ષા ખરીદવા માટે ડાઉનપેમેન્ટ ભરવા રૂા.૩૦,૦૦૦ની લોન આપવા કહ્યું. બાકીની લોન વ્યવસ્થા એમણે કરી લીધી હતી. થોડી મૂંઝવણ થઈ. બે લોનનો માસીક રૂા.૧૦,૦૦૦નો હપ્તો જયંતીભાઈ ભરી શકશે કે કેમ તેની ચિંતા હતી પણ એમની અંદર અખૂટ આત્મવિશ્વાસ હતો. "એ બધું હું કરીશ. તમે ચિંતા ના કરો." અને જયંતીભાઈએ રીક્ષા ખરીદી. દર મહિને નિયમિત V.S.S.M. કાર્યાલય પર આવીને હપ્તો આપી જાય. બધું બરાબર ગોઠવાઈ જાય છે એવા પ્રશ્નના જવાબમાં સરળ હાસ્ય વેરતા કહે છે, "દરરોજ રૂા.૯૦૦ થી રૂા.૧,૦૦૦નું કામ મળવું જ જોઈએ. ભગવાને એ લક્ષ્ય પૂરું કરવામાં આજ સુધી મદદ કરી છે. કેટલાંક કામો

બાંધી લીધા છે જેમાંથી નિયમિત આવક ઊભી થઈ જાય છે.'' જયંતીભાઈની દીકરી અને દીકરો આપણી હૉસ્ટેલમાં રહીને ભણે છે. બાળકો બરાબર ભણે છે કે કેમ એ અંગે પૂછ્યું ત્યારે એમણે કહ્યું, ''અમે ગામડાંમાં તમારાથી દુર રહીએ છીએ છતાં તમે અમારું ધ્યાન રાખો છો તો બાળકો તો તમારી પાસે જ છે એટલે અમારે શું કામ ચિંતા કરવાની?'' વિચરતા પરિવારોના મોઢે આવું સાંભળીએ ત્યારે હૈયું હરખાઈ ઊઠે છે V.S.S.M.ની સ્થાપનાની સાર્થકતા અનુભવાય છે.

## અમે નાદારી ના નોંધાવી શકીએ.



વિજાપુરના અમલાભાઈ સલાટે V.S.S.M.પાસેથી ચાદરોનો વ્યવસાય કરવા લોનની માંગણી કરી. કાર્યકર તોહીદ એમને લોનના હપ્તા કેવી પરત કરશો વગેરે જેવી માહિતી પૂછી રહ્યા હતા. ત્યારે અમલાભાઈએ તોહીદને વચમાંથી રોકીને કહ્યું, 'તોહીદભાઈ અમારા સમાજનો એક રિવાજ છે કે, કોઈ પણ વ્યક્તિ પાસેથી સલાટ ઉધાર પૈસા લે તોએ સલાટે એ પૈસા કોઈ પણ હિસાબે પરત ભરવા જ પડે. અમે નાદારી ના નોધાવી શકીએ. નાદારીની વાત કરીએ ને તો પણ અમને અમારી નાત પંચાયત નાત(સમાજ) બહાર મુકે.. એટલે સંસ્થાના પૈસા ક્યાંય નહીં જાય. ચિંતા ના કરો. મારો બાપ હિંમતનગરના એક વેપારીને ત્યાં આજે પણ ગીરો છે. પૈસા લીધા હતા પણ પાછા ના આપી શક્યો એટલે એ વેપારીને ત્યાં જ રહીને કામ કરે છે એનું દેવું ચૂકતે થઈ જશે એટલે આવી જશે.' આવા નિયમો વાળી પ્રજાની ખુમરીને સો સલામ...

## મે જિંદગીમાં રૂા.૧,૦૦૦નું સામટું કરિયાણું ક્યારેય ખરીધું જ નથી

કાન્તીભાઈ બજાણીયા પાટણ જિલ્લાના બાસ્પાગામમાં રહે. માથું ઓળતા કાંસકામાં આવે તે વાળ એકત્રીત કરીને વેચવાનું કામ કરે. ગામડાંમાંથી પહેલાં કોઈ પણ પ્રકારના ખર્ચ વગર વાળ મળતાં પણ હવે લોકો પૈસા કે વસ્તુના બદલામાં વાળ આપે છે.




કાન્તીભાઈ રૂા.૫૦૦ લઈને ગામડાંમાં જ વાળ એકત્રીત કરે અને તે વાળ લઈને રાધનપુર વેચવા જાય. આટલા ઓછાવાળ હોય એટલે વેપારી ૫૦ગ્રામ જેટલાવાળ ઘટ પેટે લઈ લે આમ ફાયદો નહીં પણ ઘાટો વધારે થાય. ગામડાંમાં ફરવાનું ભાડું, રાધનપુર વેચવા જવાનું ભાડું અને ઊલટાની ઘટ. પાસે પૈસા હોય તો પ્રમાણમાં ઠીક વાળ ભેગા કરીને વેચવા જાય તો ઘટ ના પડે અને રોજે રોજ રાધનપુર જવાનું ભાડું પણ બચી જાય. V.S.S.M.ના કાર્યકર મોહનભાઈને કાન્તીભાઈએ મદદ માટે વાત કરી. આપણે રૂા.૧૦,૦૦૦ની લોન આપી. કાન્તીભાઈએ સળંગ દસ દિવસ સુધી ગામડાંમાંથી વાળ એકત્રીત કર્યા અને પછી રાધનપુર વેચવા ગયા. દસ દિવસનો દૈનિક નફો રૂા.૨૭૦ની આસપાસ થયો. કાન્તીભાઈ ખૂબ જ ખુશ હતા. એમણે રૂા.૧,૦૦૦નું કરિયાણું ખરીદ્યું. એમણે કહ્યું, 'આજ સુધી રૂા. પાચનું તેલ,પાચનુ મરચું, ૧કિ.ગ્રા લોટ આમ જ જિંદગી ચાલતી. એક સાથે મોટી રકમ ખર્ચીને કરિયાણું લાવવાનું આજદિન સુધી થયું નથી. આજે પહેલીવાર મે સામટું કરિયાણું ખરીદ્યું.' ફોનમાં એમણે વ્યક્ત કરેલી આ પ્રસન્નતા લોનના ઉદ્દશ્યને સાર્થક કરતી લાગે છે. પાસે આવેલા પૈસા ક્યાંક ખોટા વપરાઈ ન જાય અને જલદી લેણામાંથી મુક્ત થવાના આશયે લોનના હપ્તા પેટે એમણે મહિનાના રૂા.૨,૦૦૦ આપ્યા.

## લક્ષ્ય :

આર્થિક રીતે કોઈ પણ માણસ સદ્ધર થાય તો તેની પાછળ તેના ઘણા પ્રશ્નોનો આપો આપ ઉકેલ આવી જાય છે. માર્ચ ૨૦૧૫ સુધીમાં આપણે બીજા ૫૦ માણસોને લોન આપી તેમને પગભર કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આમ તો રૂા.૧૫,૦૦૦ કે રૂા.૨૦,૦૦૦ આપીને શરૂઆતમાં એક પરિવારને દત્તક લઈએ તો લોનના રૂપમાં આવેલી આ રકમ પરત આવતી જશે તેમ તેમ બીજા કેટલાય પરિવારોના કલ્યાણમાં વપરાતી જશે.

# અમારા બાળકોને વારસામાં રઝળપાટ નથી આપવો



વિચરતી જાતિ પોતાના બાળકોના શિક્ષણ સંદર્ભે જાગૃત થઈ રહી છે. હા પ્રમાણ ખૂબ ઓછું છે પણ શરૂઆત થઈ છે. વઢિયાર પંથક(પાટણ જિલ્લો)માં રહેતા બજાણિયા પરિવારોએ પોતાના બાળકોના શિક્ષણ માટે હૉસ્ટેલ શરૂ કરવાની આપણી સમક્ષ વાત કરી. મૂળ તો કામ ધંધા માટે પુરુષો સતત ફરતા રહે એટલે બાળકો તરફ ધ્યાન ન આપી શકાય અને વળી પાછું ગામડાંમાં પ્રાથમિક શાળાથી આગળ શિક્ષણની વ્યવસ્થા નહીં. શિક્ષણની ભૂખ જાગી છે પણ આર્થિક મૂંઝવણ છે સરકારમાંથી આ બાબતે કોઈ મદદ મળે તેવી હાલ ખાત્રી નથી. શું કરવું?

બજાણિયા સમાજની આ ભાવના અંગે વિચરતા સમુદાયના કામોમાં સતત મદદરૂપ થતા અમારા સ્નેહીજન આદરણીય શ્રી ચંદ્રકાન્તભાઇ ગોગરી સાથે વાત થઈ. તેમણે તુરત જ આ મુદ્દે મદદરૂપ થવાની ખાત્રી આપી અને હૉસ્ટેલ જુન-૨૦૧૪માં શરૂ થઈ. એડમીશન માટે ૪૦ ઉપરાંત બાળકો આવ્યા પણ રાધનપુરની શાળાઓમાં આ બાળકોને પ્રવેશ ના મળ્યો. ૧૮ બાળકોને પ્રવેશ મળ્યો અને તેમનાથી હૉસ્ટેલની શરૂઆત કરી. હૉસ્ટેલના તમામ ખર્ચમાં ૨૦% રકમ બજાણિયા સમાજના લોકોએ કાઢવાનું નક્કી કર્યું. બાળકોને શાળા સિવાયના સમયમાં ભણાવવાની જવાબદારી આ સમુદાયમાંથી શિક્ષક થયેલા સોમાભાઈ બજાણિયા એ લીધી.

ઑગષ્ટ મહિનામાં આરતી ફાઉન્ડેશનના ડાયરેકટર શ્રી લાલભાઈ રાંભિયા સાથે હૉસ્ટેલની મુલાકાતે જવાનું થયું. અમે આવવાના છીએ એવી બજાણિયા સમાજના આગેવાનોને ખબર પડી તો અમે પહોંચીયે એ પહેલાં સૌ ત્યાં પહોંચી ગયા હતા. આગેવાનો મૂળ આભાર વ્યકત કરવા એકત્રીત થયા હતા. એમણે આ પ્રસંગે કહ્યું કે, ‘અમારી એક જ અપેક્ષા છે કે અમારા બાળકો ખૂબ ભણે... સારી જગ્યાએ એમને કામ મળે.. અમે ગામે ગામ

રઝળીએ છીએ પણ અમારા બાળકોને વારસામાં રઝળપાટ નથી આપવો' આદરણીય શ્રી લાલભાઈએ આગેવાનોની આ લાગણીમાં હંમેશાં સાથે રહેવાની ખાત્રી આપી.

## વાડિયાના ૩૫ બાળકો માટે થરાદમાં હૉસ્ટેલની વ્યવસ્થા શરૂ કરી..



ગામના પુરુષોની કામ નહીં કરવાની વૃતિનું પરિણામ... બહેનો દેહવ્યાપાર કરે અને પરિવારનું ગુજરાન ચાલે. વાડિયા ગામમાં ૨૦૦૬માં કામ શરૂ કર્યું. પરિવારોની સ્થિતિ અત્યંત દયનીય. ઘણા કહે દેહવ્યાપાર એ સરળ રીતે મળતા પૈસા છે એટલે એમને આ કોઠે પડી ગયું, છે પણ આ સરળ રીતે મળતા પૈસા પાછળની યાતના એ તો જેમણે આ વેઠ્યું હોય એજ કહી શકે. વળી પૈસા મળે છે તો આટલી દરિદ્રતા શાને? મોટાઓની આ હાલત તો બાળકોની તો કલ્પના જ ના કરી શકાય. આ ધંધામાં જનાર સ્ત્રીના લગ્ન નથી થતાં પણ બાળકો તો છે. વાડિયામાં જન્મનાર આ બાળકોનું ભવિષ્ય શું? એની સતત ચિંતા થયા કરે. શરૂઆતમાં જુદી જુદી હૉસ્ટલોમાં આ બાળકોને ભણવા મૂક્યા. પણ એક પણ બાળક રહે નહીં. મૂળ તો આ બાળકો બાલ્યાવસ્થામાં જ મોટા થઈ ગયેલા એટલે એમનું વર્તન - સમજણ બીજા બાળકો કરતાં મોટી. ગામની શાળામાં ભલીવાર નહીં. જે શિક્ષકની આ ગામમાં બદલી થાય એને સજા લાગે.. શાળા માંડ ખૂલે. મધ્યાહ્નભોજન પણ નિયમિત બને નહીં.

વાડિયાના પરિજનોનો આ વ્યથામાંથી છૂટકારો તેમના બાળકોના શિક્ષણ થકી જ થવાનો છે. પણ આ વ્યવસ્થા કેવી રીતે ગોઠવવી એ સૌથી મોટી મૂંઝવણ હતી. છેવટે જૂન-૨૦૧૪માં થરાદમાં જ ૩૫ બાળકો માટે હૉસ્ટેલની વ્યવસ્થા ઊભી કરી દીધી. થરાદમાં પણ આ બાળકો વાડિયાગામના છે એવું કહેવાય નહીં. કહીએ તો એના પરિણામો જુદા આવે..

વિચરતી જાતિના અને કાર્યકર શારદાબેનના બાળકો એવી ઓળખ ઊભી થઈ અને આ બાળકો ભણવા લાગ્યા. ફરીથી આ જવાબદારી અમારા વહાલાં સ્વજન આદરણીય શ્રી ચંદ્રકાન્તભાઈ ગોગરીએ ઉપાડી લીધી. પણ બાળકોને ગામમાંથી આ રીતે બહાર લાવીને ભણાવવાનું અમારા માટે સહેલું નથી. રખેને બાળકો ભણી જશે અને અમારો ધંધો બંધ થઈ જશે, એવી ભીતિ સેવતા દલાલોની હેરાનગતિ ચાલુ જ છે પણ હવે બધું પાર પડશે એવી શ્રદ્ધા છે.

હાલમાં વાડિયાના ૮ છોકરાંઓ ગામની બહાર ધો.૧ થી લઈને કૉલેજ સુધીનો અભ્યાસ કરી રહ્યા છે. જેમાં હૉસ્ટેલમાં ભણતા ૩૫ બાળકોનો પણ ઉમેરો થયો છે.

## બાળકોને પણ પોતાના મા-બાપની જેમ પગમાં ભમરી છે એટલે...



ડોળિયા જૈન તીર્થના પરિષરમાં ચાલતી વિચરતી જાતિની કલરવ કન્યા છાત્રાલય અને વાત્સલ્ય કુમાર છાત્રાલયમાં ૧૫૨ બાળકો ભણી રહ્યા છે. બાળકોને આપણી ગરજે લઈને ભણાવીએ એવી સ્થિતિ શરૂઆતના સમયમાં હોય છે. વાલીને પોતાના બાળકના શિક્ષણની ખાસ દરકાર હોતી નથી. એને તો બાળક ઘરે રહે તો મજૂરી કરીને બે પૈસા કમાવી આપે એમાં વધારે રસ. વળી વિચરતી જાતિના આ બાળકોમાં પણ પોતાના મા-બાપની જેમ પગમાં ભમરી છે એટલે એક જગ્યાએ ટકીને બેસવું ફાવતું નથી. હૉસ્ટેલમાં તો સમયબધ્ધ બધું થાય જે એમને ફાવતું નથી. એટલે શરૂઆતમાં હૉસ્ટેલમાંથી ભાગી જવાનું પ્રમાણ ખૂબ રહે. બાલદોસ્તોની તો હાલત ખરાબ થઈ જાય. પણ ધીમે ધીમે બધું ગોઠવાતું જાય છે.

ગામની પ્રાથમિક શાળામાં ભણતા આપણા બાળકો સારુ પરફોમન્સ કરી રહ્યા છે. રમતગમતમાં પણ એમનો દેખાવ સારો છે.ડોળિયા ગામની શાળામાં શરૂઆતમાં આ

સમુદાયના બાળકોના પ્રવેશ રાખવા સામે જે અણગમો હતો એ હવે જતો રહ્યો છે ઊલટાનું તેમની હોંશિયારી જોઈને આ સમુદાયના વધારે બાળકો આવે તો લાવજો એવો ભાવ આચાર્યશ્રીએ વ્યક્ત કર્યો છે. બાળકો હૉસ્ટેલમાં રહે અને તેમનામાં જે પરિવર્તન આવે તે જોઈને વાલીઓ પણ દંગ રહી જાય છે. વાંકાનેરના પ્રેમશીભાઈ સલાટ ઝૂંપડામાં રહે. તેમના વસવાટની જગ્યાએ પાણીની સુવિધા નહીં. પીવાનું પાણી માંડ મળે એમાં રોજે રોજ નાહવાનું તો ક્યાંથી શક્ય બને. એમણે પાતાના દીકરા મંગલને હૉસ્ટેલમાં ભણવા મૂક્યો. બે મહિના પછી મંગલને મળવા પ્રેમશીભાઈ આવ્યા ત્યારે મંગલ એમને પગે લાગ્યો. મંગલ કેવો સરસ લાગે છે અને વળી પાછો સંસ્કારી પણ થઈ ગયો છે આ પરિવર્તન જોઈને પ્રેમશીભાઈની આંખ ભીની થઈ ગઈ. આમ ખરા અર્થમાં જેને ઘડતર કહી શકાય તે પ્રકારનું શિક્ષણ આપવામાં આપણે નિમિત બની રહ્યા છીએ.

બાળકોના શિક્ષણનો તમામ ભાર આદરણીય શ્રી ચંદ્રકાન્તભાઈ ગોગરી (આરતી ફાઉન્ડેશન) તથા ‘જાયન્ટ ગ્રુપ ઓફ સેન્ટ્રલ મુંબઈ’એ ઉપાડી લીધો છે. શિક્ષણ થકી આ પરિવારોના જીવનમાં ઊજાસ પાથરવામાં નિમિત્ત બનનાર બંને સ્વજનોનો આભાર વ્યક્ત કરુ છું.

## તંબુશાળા-બ્રીજ સ્કૂલ

વિચરતી જાતિઓની એવી વસાહતો જેમાં રહેતા બાળકો નિયમિત શાળામાં જતા નથી અથવા મા-બાપ સાથે સતત ફર્યા કરે છે તેમની વસાહતમાં આપણે તંબુશાળાઓ ચલાવીએ. આપણી આ શાળામાં ભણતા બાળકોને ધીમે ધીમે આપણે સરકારી શાળામાં દાખલ કરીએ છીએ અને બાળકો નિયમિત ભણતા થાય તે માટેની દેખરેખ રાખીએ છીએ. કેટલીક વસાહતો જ્યાંથી વિચરણનું પ્રમાણ વધારે છે ત્યાં તો બાળકો માટે હૉસ્ટેલ જેવી વ્યવસ્થા પણ ઊભી થઈ છે.





પુરુષોની કામ નહીં કરવાની વૃતિના કારણે વાડિયાગામનું નિર્માણ થયું. બહેનો દેહવ્યાપાર કરે અને પરિવારનું ગુજરાન ચાલે. ધીમે ધીમે દલાલો સક્રિય થયા. એટલે ૧૩ બહેનોથી શરૂ થયેલા આ વ્યવસાયમાં ૧૩૦ ઉપરાંત બહેનો સક્રિય થઈ. મૂળ તો દલાલોએ આ બહેનોની મજબૂરીનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો અને એમની દીકરીઓને લોહીના વેપારમાં ધકેલી. ૨૦૧૨માં ગામમાં પહેલીવાર દીકરીઓના લગ્ન થયા અને ગામમાં પરિવર્તનનો પવન ફૂંકાયો. કામ શરૂ કર્યું ત્યારે એક દીકરીને બહાર લાવવાનું મુશ્કેલ લાગતું હતું ત્યાં ૯૦ પરિવારો બહાર આવી ગયા. આ પરિવારોની એક પણ દીકરી આ વ્યવસાયમાં જવાની નથી અને જે હતી તેનું પણ પુનઃવસન જુદા જુદા વ્યવસાયો થકી થઈ રહ્યું છે. મૂળ તો જરૂરિયાતના સંજોગોમાં એક માત્ર દલાલો જ આધાર બને અને દલાલો પાસેથી લીધેલા નાણાં પરત ના ચૂકવી શકવાના કારણે દીકરીને આ દોઝખભરી જિંદગીમાં નાખવી પડે. દલાલો પાસેથી લીધેલા નાણાં ચૂકવવામાં આ પરિવારોને મુંબઈ સ્થિત ઉદાર દાતાઓએ મદદ કરી. એક અર્થમાં ગાયને કસાઈ વાડે જતી બચાવી. ૪૦ પરિવારોએ તો આ વ્યવસાયને નહીં અપનાવવાની ટેક સાથે ગામ છોડી દીધું. કલેકટર શ્રી રાણાસાહેબ એમને પાલનપુરમાં જ રહેણાંક અર્થે પ્લોટ ફાળવવાના છે. આ પરિવારોના ઘરનું નિર્માણ આપણે કરીશું.

વાડિયામાં કામ શરૂ કર્યું ત્યારે ત્યાંના સંઘર્ષને જોતા સફળ થઈશું કે કેમ તે અંગે સતત ચિંતા હતી આમ તો પ્રશ્નાર્થ પણ ખરો પણ કુદરત આપણી સાથે છે એટલે જ આપ સૌ દાતાઓની મદદથી આ બદલાવ શક્યો બન્યો છે.

# આશીર્વાદના રૂપમાં અનુદાનનું એક ભાથું



વિચરતા સમુદાયો સાથેના આ સઘળા કામો આપ જેવા ઉદાર દાતાઓની લાગણી અને હૂંફ વગર થવા અશક્ય હતા. આદરણીય શ્રી પ્રદીપભાઈ શાહ અને શ્રી રશ્મીનભાઈ સંઘવીની નિશ્રામાં કાર્યરત 'ફ્રેન્ડ્સ ઓફ V.S.S.M.' ના વહાલાં સ્વજનો દ્વારા તા.૮ જુન ૨૦૧૪ના રોજ મુંબઈમાં V.S.S.M.સાથે સંકળાયેલા દરેક શુભેચ્છક દાતાઓ સાથે બેઠકનું આયોજન થયું જેમાં ઘણી મોટી સંખ્યામાં દાતાઓ ઉપસ્થિત રહ્યા જે માટે સૌનો આભાર વ્યક્ત કરુ છું. મુંબઈ જવાનું થાય અને 'ગાર્ડન ગ્રુપ ઓફ માટુંગા'ના વડીલોને મળું ત્યારે આશીર્વાદના રૂપમાં અનુદાનનું એક ભાથું ચોક્કસ મળી જ જાય. આદરણીય શ્રી સુધીરભાઈ ઠાકરશી એવા સ્વજન છે જે હંમેશાં વિચરતા સમુદાયોની ચિંતા કરે છે અને મદદરૂપ થાય છે. જ્યાં પણ આર્થિક મૂંઝવણ થાય ત્યાં હું છું એવો સધિયારો આપતા આદરણીય શ્રી ચંદ્રકાન્તભાઈ ગોગરી, દીકરીઓની હોસ્ટેલના ખર્ચની મોટાભાગની જવાબદારી જેમણે પોતાના શીરે લઈ લીધી છે એવા 'જાયન્ટ ગ્રુપ ઓફ સેન્ટ્રલ મુંબઈ'ના મિત્રો, 'કેરીંગ ફ્રેન્ડ્સ'ના આદરણીય શ્રી રમેશભાઈ કચોલિયા, આદરણીય નિમિશભાઈ સુમતી વગેરે જેવા તમામ સ્વજનો જેમનો પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહયોગ સાંપડ્યો છે તે સૌનો આ તબક્કે આભાર વ્યક્ત કરુ છું.

સદીઓથી અમાનવીય યાતનાઓ, પીડા વેઠતા આ સ્વજનોને આપની હૂંફ અને લાગણી મળી છે જેના કારણે હજારો વ્યકિતઓના જીવનમાં બદલાવ આવ્યો છે. ઈશ્વરે ચિંધેલા આ સતકર્મમાં સૌ સાથે છીએ એનો આનંદ વ્યક્ત કરુ છું સાથે સાથે ઈશ્વરની કૃપાદૃષ્ટિ આપણા સૌ ઉપર બની રહે એવી પ્રાર્થના કરુ છું...

વિચરતા સમુદાયોના જીવનમાં ઊજાસ પાથરવામાં નિમિત બનવા આપનું અનુદાન આવકાર્ય છે. આપના અનુદાનનો ચેક V.S.S.M. અથવા 'વિચરતા સમુદાય સમર્થન મંચ'ના નામનો લખી નીચેના સરનામે મોકલવા વિનંતી.

***આપનું અનુદાન કરમુક્તિને પાત્ર છે.***

'વિચરતા સમુદાય સમર્થન મંચ'
C/O સદ્‌વિચાર પરિવાર કેમ્પસ, ઈસરોની સામે, સેટેલાઈટ પોલીસ સ્ટેશન પાસે,
રામદેવનગર ટેકરા,અમદાવાદ-૩૮૦૦૧૫, ફોન નંબરઃ ૦૭૯-૨૬૮૬૦૩૭૮-૭૯
email: vssmgujarat@gmail.com, Website:www.vssmindia.org